આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓ માટે મંજૂર થયેલ મહેકમની હંગામી જગ્યાઓને ચાલુ રાખવા બાબત

**ગુજરાત સરકાર**
**આદિજાતિ વિકાસ વિભાગ**
**ઠરાવ ક્રમાંકઃ નશઅ/૧૫૯૭/૧૮૭૩/૪૪(પા.ફા.૨)/ગ.**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા.૧૫/૦૨/૨૦૨૨**

**વંચાણે લીધા:-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૨/૦૩/૨૦૨૧ નો સરખાક્રમાંકનો ઠરાવ

(૨) નિયામકશ્રી(આ.વિ.)ની કચેરીનો તા.૨૫/૦૧/૨૦૨૨ નો પત્ર ક્રમાંક: આવિ/મકમ/૧/ફા.નં.૫૦(ભાગ-૩)/૨૦૨૨/૨૨૫

**ઠરાવ:-**

રાજ્યમાં આદિજાતિઓના ઉત્કર્ષની વિવિધ યોજનાઓના ભાગરૂપે આદિજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે રાજ્યના વિવિધ સ્થળોએ આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવેલ છે.નિયામકશ્રી (આ.વિ.) હસ્તકની સરકારી આદર્શ નિવાસી શાળાઓમાં શાળા વિભાગ તેમજ છાત્રાલય વિભાગ માટેની કુલ ૮૭૭ હંગામી જગ્યાઓને ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) ના ઠરાવથી તા.૨૮/૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવામાં આવેલ છે.

ઉપર વંચાણે લીધેલ ક્રમ (૨) ઉપરના નિયામકશ્રી (આ.વિ)ના તા.૨૫/૦૧/૨૦૨૨ ના પત્રથી નીચે મુજબની અનુસૂચિત જનજાતિની આદર્શ નિવાસી શાળાઓ માટે નવી મંજૂર થયેલ કુલ ૨૬ જગ્યાઓ એમ મળી કુલ-૯૦૩ જગ્યાઓના મંજૂર થયેલ મહેકમની હંગામી જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવા દરખાસ્ત કરેલ છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ વર્ષ સુધીની | એકથી ત્રણ વર્ષ સુધીની | ત્રણ વર્ષ ઉપરની |
| ૧ | આચાર્ય | ૨ | ૭૪ | ૧૦ | - | ૨૮ | ૩૬ |
| ૨ | મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) | ૩ | ૧૫૦ | ૧૧૪ | ૦૧ | ૦૪ | ૩૧ |
| ૩ | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૩ | ૩૭૨ | ૧૮૩ | ૩૨ | ૫૪ | ૧૦૩ |
| ૪ | મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી (વોર્ડન) | ૩ | ૪૬ | ૦૮ | ૦૧ | ૨૬ | ૧૧ |
| ૫ | મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી (આસી.લેડી.સુપ્રિ.) | ૩ | ૪૭ | ૦૮ | ૦૧ | ૩૦ | ૦૮ |
| ૬ | હેડ કલાર્ક (એકાઉટન્ટ) | ૩ | ૫૪ | - | - | ૩૧ | ૨૩ |
| ૭ | સિનીયર કલાર્ક | ૩ | ૧૯ | ૦૧ | - | - | ૧૮ |

|  |  |  |  |  |  |  |  |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | વર્ગ-૪ | ૪ | ૧૪૧ | ૧૪૧ | - | - | - |
|  | **કુલ** |  | ૯૦૩ | ૪૬૫ | ૩૫ | ૧૭૩ | ૨૩૦ |

પુખ્ત વિચારણાને અંતે, આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓ માટે મંજૂર થયેલ ઉપર્યુકત પત્ર મુજબની કુલ-૯૦૩ હંગામી જગ્યાઓને નીચેની શરતોને આધીન તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) વર્ગ-૪ ની ભરાયેલ ૧૪૧ જગ્યાઓ પર હાલમાં ફરજ બજાવતા નિયમિત કર્મચારીઓ જેમ જેમ નિવૃત થાય તેમ તેમ તે જગ્યાઓ રદ કરવાની રહેશે અને જરૂર જણાય તો જરૂરિયાત અનુસાર આ જગ્યાઓની કામગીરી સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવ અન્વયે આઉટસોર્સથી કરાવવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ ઉપર નાણા સલાહકારશ્રીની તા.૦૮/૦૨/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આદિત્ય આર.દેસાઇ)**
**સેકશન અધિકારી**
**આદિજાતિ વિકાસ વિભાગ**

પ્રતિ,

- મહામહિમ રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ), સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા. ક. મંત્રીશ્રી (આ.વિ), સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (આ.વિ),બિરસામુંડા ભવન, ગાંધીનગર તરફ જરુરી કાર્યવાહી સારુ.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- સર્વે મદદનીશ કમિશનરશ્રી (નિયામકશ્રી,(આ.વિ) મારફતે)
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (નિયામકશ્રી (આ.વિ) મારફતે)
- નાણા સલાહકારશ્રી, (આ.વિ.), બ્લોક નં.૧૧/૨ મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, છ-શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ.વિ.વિ.ની વેબસાઇટ ઉપર અપલોડ કરવા સારૂ.
- શાખા સિલેકટ ફાઈલ.